GJAH020146942021

| | | |
|---|---|---|
| | રજીસ્ટ્રેશન નં. | સે.કે.નં.૧૫૨/૨૦૨૧ |
| | દાખલ તારીખ: | ૧૩/૦૫/૨૦૨૧ |
| | ફેસલ તારીખ: | ૦૨/૦૫/૨૦૨૫ |
| | સમયગાળો: | ૦૩ વર્ષ, ૧૧ માસ, ૨૦ દિવસ |

**નામદાર સુપ્રિમકોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A-અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩ તા.૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

## FORM-A

---

**અમદાવાદના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશ સાહેબની કોર્ટ નં.૧૪ સમક્ષ**
**સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ**

---

**(ચુકાદાની તા.૦૨/૦૫/૨૦૨૫ )**

સેશન્સ કેસ નં.૧૫૨/૨૦૨૧

આંક:-૨૭

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ-** | નરોડા પોલીસ સ્ટેશન, ગુના રજી. નં.૧૧૧૯૧૦૩૫૨૩૪૫/૨૦૨૦ |
| **ગુન્હોઃ-** | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩), ૧૧૪ |
| **તહોમતનામા મુજબ તહોમતઃ-** | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩), ૪૧૧, ૧૧૪ |
| **ફરીયાદીઃ-** | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત) |
| **વિ.એ.પી.પી.શ્રીઃ-** | શ્રી ડી.વી. મહેતા |
| **આરોપીઃ-** | **અનિલ રાજેશભાઇ દંતાણી**<br>રહે.મ.નં.૬૮૯, બ્લોક નં.૧૯, વાલ્મીકી આવાસ યોજના, સાંઇબાબાના મંદિર પાસે, નોબલનગર, સરદારનગર, અમદાવાદ. |
| **આરોપી તરફે વિ.વ.શ્રીઃ-** | એસ.જી.ઇન્દ્રેકર |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખઃ- | **તા.૧૯/૦૮/૨૦૨૦ ના ક.૯-૦૦ આસપાસ** |
| ફરિયાદની તારીખઃ- | **તા.૦૮/૦૯/૨૦૨૦** |
| ચાર્જશીટની તારીખઃ- | **તા.૦૮/૧૧/૨૦૨૦** |
| તહોમત ફરમાવ્યાની તારીખઃ- | **તા.૧૬/૦૩/૨૦૨૨** |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ- | **તા.૧૧/૧૦/૨૦૨૨** |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ- | **તા.૨૫/૦૪/૨૦૨૫** |
| ચુકાદાની તારીખઃ- | **તા.૦૨/૦૫/૨૦૨૫** |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | -- |

**<u>આરોપીની વિગતઃ–</u>**

| નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કો.ની ક. ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનિલ રાજેશભાઇ દંતાણી | ૧૦/૦૯/ ૨૦૨૦ | ૨૫/૦૯/ ૨૦૨૦ | IPC કલમ– ૩૭૯(એ)(૩), ૪૧૧, ૧૧૪ | નિર્દોષ | –– | ૧૫ દિવસ |

## FORM-C

## <u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (એ) <u>ફરીયાદપક્ષ તરફે મૌખીક પુરાવો</u>

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | રાજુભાઇ રોશનભાઇ વિશ્વકર્મા | ફરિયાદી | ૭ |
| ૨. | મુકેશ નાગેન્દ્ર સિંગ | ફરિયાદીની સાથે કંપનીમાં કામ કરતા કર્મચારી | ૧૦ |
| ૩. | ઇબ્રાહીમભાઇ છોટુભાઇ શેખ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૩ |
| ૪. | પ્રવિણકુમાર ચીમનલાલ દવે | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૫ |
| ૫. | પ્રવિણભાઇ ડુંગરભાઇ સોલંકી | મોબાઇલ ફોન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૬ |
| ૬. | ઉંમરભાઇ ઇમામભાઇ શેખ | મોબાઇલ ફોન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૮ |
| ૭. | ધર્મેન્દ્રસીંહ કરણસીંહ મોરી | તપાસ કરનાર અમલદાર | ૨૦ |

### (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**<u>ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૮ |
| ૨. | મોબાઇલ ફોનનું બિલ | ૯ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |

| | | |
|---|---|---|
| ૪. | મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૧૭ |
| ૫. | ચાર્જઅમલદારનો રીપોર્ટ | ૨૧ |
| ૬. | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૨૨ |

**બચાવપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજોઃ–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજોઃ–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત

**મુદ્દામાલ પાવતી નં.૧૯૭/૨૦૨૦, તા.૧૦/૦૯/૨૦૨૦**

| ક્રમ | આર્ટી.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧. | એક લાલ કલરનો રેડમી કંપનીનો મોબાઈલ ફોન, જેનો આઇ.એમ.ઈ.આઇ. નં.૮૬૯૮૬૫૨૦૫૧૧૫ તથા ૮૬૯૮૬૫૦૪૫૨૦૫૧૨૩ જેની કિંમત રૂા.૧૩,૦૦૦/– ગણી શકાય તે મોબાઈલ ફોન. |

**મુદ્દામાલ પાવતી નં.૨૪૮/૨૦૨૦**

| ક્રમ | આર્ટી.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | એક લાલ કલરનો રેડમી કંપનીનો મોબાઈલ ફોન, જેનો આઇ.એમ.ઈ.આઇ. નં.૮૬૯૮૬૫૨૦૫૧૧૫ તથા ૮૬૯૮૬૫૦૪૫૨૦૫૧૨૩ જેની કિંમત રૂા.૧૩,૦૦૦/– ગણી શકાય તે મોબાઈલ ફોન. |

## // ચુ કા દો //

૧. સદરહુ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી રાજુભાઇ વિશ્વકર્મા તા.૧૯/૦૮/૨૦૨૦ ના સવારે નવેક વાગ્યાની આસપાસ નરોડા નાના ચીલોડા ચાર રસ્તા પાસે આવેલ જી.આઇ.ડી.સી. ગેટની અંદર આવેલ અંબીકા વે–બ્રીજની સામે જાહેર રોડ પરથી પોતાના રેડમી નોટ–૬ પ્લસ લાલ કલરના મોબાઈલ ફોન પર વાત કરતા ચાલતા જતા હતા તે

વખતે નરોડા રેલ્વે ફાટક તરફથી એક મો.સા. પર બે અજાણ્યા ઇસમો આવેલ, જેનો નંબર તેમને યાદ નથી અને તે બંને ઈસમે ફરિયાદી પાસે મો.સા. ધીમી કરેલ અને પાછળ બેસેલ ઇસમે અચાનક ફરિયાદીના હાથમાંથી મોબાઇલ આંચકી, ઝુંટવી ભાગી ગયેલ. જે તે સમયે ફરિયાદી પાસે મોબાઇલનું બિલ ન હોય ફરિયાદ કરેલ નહી, પરંતુ સદર મોબાઇલનું બિલ મળતા અજાણ્યા ઈસમો વિરૂધ્ધ નરોડા પોલીસ સ્ટેશનમાં સદર બનાવ બાબતે ફરિયાદ આપેલ.

૧.૧. ઉપર મુજબનાં ગુન્હા અંગેની ફરિયાદ જાહેર થતાં નરોડા પોલીસ સ્ટેશન દ્વારા તેને ગુ.રજી.નં. પાર્ટ–એ ૧૧૧૯૧૦૩૫૨૦૨૩૪૫/૨૦૨૦ થી નોંધવામાં આવેલ. આ કામે તપાસ કરનાર અમલદારે આરોપી મળી આવતા તેમને અટક કરી પૂરતી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૮, અમદાવાદમાં ચાર્જશીટ રજુ કરેલ. જેને ક્રિમિનલ કેસ નં.૭૬૮૭૯/૨૦૨૦ થી નોંધવામાં આવેલ.

૨. સદરહુ કામે ઉપર મુજબનું ચાર્જશીટ દાખલ થયા બાદ સદરહુ કેસ ચલાવવાની સત્તા એકમાત્ર સેશન્સ અદાલતને હોય વિદ્વાન એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૮, અમદાવાદ દ્વારા ક્રી.પ્રો.કો.કલમ–૨૦૯ અન્વયે સદરહુ કેસ અત્રેની સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ખાતે તા.૨૨/૦૪/૨૦૨૧ ના રોજ કમિટ કરતા તે સેશન્સ કેસ નં.૧૫૨/૨૦૨૧ થી નોંધાયેલ છે.

૩. સદરહુ કામમાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપીને કેસનાં સંબંધિત પેપર્સની નકલ મળી ગયેલ છે કે કેમ? તે અંગેની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૫ થી તહોમતનામું ફરમાવી આંક–૬ થી આરોપીનું નિવેદન નોંધતા તેઓએ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો.

૪. સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પૂરાવા રજૂ કરેલા છે.

પ. ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ ફરિયાદપક્ષ તરફથી પુરાવા બંધની પુરશીસ આંક–૨૫ આવતા તે રેકોર્ડ કરી આરોપીઓનું ક્રી.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ પોતાની સામેનાં તમામ આક્ષેપિત પુરાવાઓનો ઈન્કાર કરેલો છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવનાં સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવેલ છે, તેમજ વિશેષમાં જણાવેલ છે કે, "આ કામના આરોપી ગરીબ પરિવારના છે, કાચા છાપરાંમાં રહે છે, પરિવારમાં કમાવનાર એક જ વ્યક્તિ છે, અમો નિર્દોષ છીએ, સદર કામમાં નમ્ર અરજ છે."

૬. બંને પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ શ્રી સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી ડી.વી.મહેતા તથા આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી એસ.જી.ઈન્દ્રેકરની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

૬.૧. વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે કુલ–૭ સાહેદોને તપાસેલા છે અને ૬ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. આ કામના આરોપીએ મુદ્દામાલ મોબાઈલ ચોરીનો છે તેવું જાણતા હોવા છતાં તે ખરીદ કરેલ છે. ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ હોય, આરોપીને તક્સીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

૬.૨. જ્યારે, આરોપી તર્ફેના વિદ્વાન વકીલશ્રીએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ કામે અજાણ્યા ઈસમો વિરુધ્ધ ફરિયાદ દાખલ થયેલ છે. જેઓ આજદિન સુધી પકડાયેલા નથી. હાલના આરોપીને મુદ્દામાલ મોબાઈલ ચોરીનો છે કે નહી તે અંગે કોઈ માહિતી ન હતી. આ કામના ફરિયાદી હાલના આરોપીને ઓળખતા નથી. સદર કામે પંચનામાના પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૭. ઉપરોક્ત હકીકતે સદરહુ કેસનાં ન્યાયિક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુ દા //**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ ૯–૦૦ વાગ્યાની આસપાસ નરોડા નાના ચીલોડા ચાર રસ્તા પાસે આવેલ જી.આઇ.ડી.સી. ગેટની અંદર આવેલ અંબીકા વે–બ્રીજની સામે જાહેર રોડ પરથી ફરિયાદી પોતાના રેડમી નોટ–૬ પ્લસ મોબાઇલ ફોન પર વાત કરતા ચાલતા જતા હતા તે વખતે એક મો.સા. પર બે અજાણ્યા ઇસમો આવી ફરિયાદીનો મોબાઇલ ફોન આંચકી ભાગી ગયેલ, જે મોબાઇલ ફોન ચોરીનો હોવાનું જાણતા હોવા છતાં આ કામના આરોપીએ બિલ વગર ખરીદ કરી મોબાઇલ ફોનની ચોરી કરનાર બે અજાણ્યા ઇસમોની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલો છે ?

૨. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદ્દા નં.૧:–**

૯. આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ–૭ સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે. જે પૈકી આ કામના મહત્વના સાહેદ એવા ફરિયાદી રાજુભાઇ રોશનભાઇ વિશ્વકર્માને આ કામે સાહેદ નં.૧ તરીકે આંક–૭ થી સોગંદ ઉપર તપાસેલ છે. ફરિયાદીએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ

ચિલોડા, શિવ પાર્કમાં ભાડાના મકાનમાં રહે છે અને નરોડા જી.આઈ.ડી.સી.માં આવેલ અમર પ્લાસ્ટીકમાં મજુરી કરે છે. બનાવ બે વર્ષ પહેલા બનેલો. બનાવની તારીખ તેમને યાદ નથી. તેમની પાસે રેડમી નોટ ૬ પ્લસ, લાલ કલરનો મોબાઈલ હતો, જે તેમણે ખરીદેલ હતો. તે વખતે તેની કિંમત રૂ. ૧૭,૦૦૦/– હતી. બનાવના દિવસે સવારે ૮–૩૦ આસપાસ નરોડા, ચિલોડા ચાર રસ્તા પાસે આવેલ જી.આઈ.ડી.સી. અંદર આવેલ અંબિકા વે–બ્રીજની સામે રોડ ઉપર તેઓ મોબાઈલ ઉપર વાત કરતા ચાલતા ચાલતા જતા હતા. ત્યારે બે અજાણ્યા લોકો મોટર સાયકલ ઉપર આવેલ અને તેમના હાથમાંથી મોટર સાયકલની પાછળ બેસેલ ઈસમે અચાનક મોબાઈલ ઝુટવી લીધેલ. ત્યારબાદ તે બંન્ને જણા મોટર સાયકલ પર ભાગી ગયેલા. ત્યારબાદ બીજા દિવસે તેઓ મોબાઈલનું બિલ લઈને ફરિયાદ કરવા ગયેલ. જે ઇસમો મોબાઇલ લઇ ગયેલા તેમને ઓળખી શકે નહી કારણ કે ક્ષણભરમાં તેઓ મોબાઇલ ઝુટવીને લઇ ગયેલા. આ કામે આંક–૮ થી રજૂ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર ફરિયાદીએ મુદ્દામાલ મોબાઇલ ફોન ઓળખી બતાવેલ છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, તેમણે તેમનો મોબાઈલ તેમના શેઠ પાસેથી લીધેલો. જે શેઠનું નામ ધવલભાઈ શાહ છે. મોબાઈલનું બિલ ધવલભાઈના પરિવારના કોઈ સભ્યના નામે હતું. પ્રદિપભાઈ તેમના શેઠ ધવલભાઈના કુટુંબી થાય છે. આ કામે આંક–૯ થી રજૂ અસલ બિલ ઓળખી બતાવેલ છે. આરોપી તરફે તેમના વિદ્ધાન વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમનો મોબાઇલ ઝુટવી જનાર મોટર સાયકલનો નંબર તેમણે જોયેલો નથી. હાલના આરોપી અનિલ રાજેશભાઇ દંતાણીને તેઓ ઓળખતા નથી. મોબાઇલનું બિલ તેમના નામનું નથી.

૯.૧. આ કામે આંક–૮ થી રજૂ થયેલ ફરિયાદ વંચાણે લેવામાં આવે તો ફરિયાદીએ ઉપરોક્ત સરતપાસમાં જણાવ્યા મુજબની જ હકીકત ફરિયાદમાં લખાવેલ છે. આમ, ફરિયાદીનો સોગંદ પરનો પુરાવો તથા ફરિયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીનો મોબાઇલ ફોન કોઇ અજાણ્યા ઇસમ ખેચીને નાસી ગયેલ હોય તેવી હકીકત પુરવાર થાય છે, જે મોબાઇલ ઝુટવીને નાસી ગયેલ અજાણ્યા ઇસમો આજદિન સુધી પકડાયેલા નથી કે તેમની ઓળખ થયેલ નથી. હાલના

આરોપી પાસેથી ચોરીનો મુદ્દામાલ મોબાઇલ ફોન કબજે કરવામાં આવેલ છે. જે મોબાઇલ ફોન ફરિયાદીએ ઓળખી બતાવેલ છે. હાલના આરોપીએ સદર મુદ્દામાલ મોબાઇલ ફોનની ચોરી કરેલ હોવાના આક્ષેપ નથી, પરંતુ તેઓએ સદર મુદ્દામાલ મોબાઇલ ફોન ચોરીનો હોવાનું જાણતા હોવા છતાં ખરીદ કરી આરોપીઓને મદદગારી કરેલ હોવાના આક્ષેપ છે. હાલના આરોપીની ધરપકડ કર્યા બાદ તેઓએ જેની પાસેથી મોબાઇલ ફોન ખરીદ કરેલ તે અજાણ્યા ઇસમો વિશે કોઇ જ માહિતી મળી આવેલ નથી.

૧૦. આ કામે મુદ્દામાલ મોબાઇલ ફોન કબજે કર્યાનું પંચનામું આંક–૧૪ થી રજૂ થયેલ છે, સદર પંચનામાના પંચ સાહેદ ઇબ્રાહીમભાઇ છોટુભાઇ શેખને સાહેદ નં.૩ તરીકે આંક–૧૩ થી તથા સાહેદ નં.૪ પ્રવિણકુમાર ચીમનલાલ દવેને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલ છે, જેઓ પોતાના સોગંદ પરની સરતપાસમાં ફરિયાદરપક્ષને સમર્થન કરતા ન હોય, ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. તે ઉપરાંત બનાવવાળી જગ્યાનું પંચનામું આ કામે આંક–૧૭ થી રજૂ થયેલ છે અને તે પંચનામાના પંચ સાહેદ પ્રવિણભાઇ ડુંગરભાઇ સોલંકી નાઓને ફરિયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૧૬ થી તથા ઉંમરભાઇ ઇમામભાઇ શેખ નાઓને સાહેદ નં.૬ તરીકે આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પણ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજૂ રાખતા ન હોય, ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. આમ, આ કામે ફરિયાદપક્ષના કેસને પંચ સાહેદોએ સમર્થન કરેલ નથી. આ સિવાય ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે મુકેશ નાગેન્દ્ર સિંગને આંક–૧૦ થી નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ ફરિયાદી સાથે કંપનીમાં કામ કરે છે અને ફરિયાદીએ તેમનો મોબાઇલ ફોન ચોરી થયેલ હોવાની વાત કરતા સદર સાહેદે ફરિયાદ કરવાનું જણાવતા ફરિયાદીએ ફરિયાદ કરેલ હોવાનું જણાવેલ છે. આમ, હાલના સાહેદે ફરિયાદીના સોગંદ ઉપરના પુરાવા જેવો જ પુરાવો આપેલ છે. આરોપી તરફેના વિદ્વાન વકીલશ્રી તરફે કરેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખે છે કે, તેમણે બનાવ નજરે જોયેલ નથી.

૧૧. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર ધર્મેન્દ્રસિંહ કરણસિંહ મોરીને સાહેદ નં.૭ તરીકે આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો વેચાણે લેતા તેઓએ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે. એડી.ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટ સાહેબને ઉદેશીને સદર કામે ઇ.પી.કો. કલમ–૪૧૧ નો કલમ ઉમેરાનો રીપોર્ટ તેમના સહકર્મચારી પી.એસ.આઇ. જે.જી.કામળીયા નાઓએ કરેલ, જેમાં તેમની સહી ઓળખી બતાવતા આંક–૨૨ થી રજૂ રાખેલ છે. આરોપીના વિદ્ધાન વકીલશ્રી મારફત કરવામાં આવેલ ઉલટતપાસમાં સદરહું તપાસ કરનાર અમલદાર એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ સદર ગુનાની તપાસ કરેલ નથી, પરંતુ કામળીયા સાહેબની ટ્રાન્સફર થતા ગુનાની તપાસ તેઓએ સંભાળેલ છે અને માત્ર આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે. આમ, સદરહું તપાસ કરનાર અમલદારે તેમની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીને અનુરૂપ જુબાની આપેલ છે.

૧૨. આમ, આ કામે રજૂ થયેલ ઉપરોક્ત તમામ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરિયાદી એ સદર ગુનાના કામે અગત્યના સાહેદ છે. આ કામના ફરિયાદીનો મૌખિક પુરાવો જોવામાં આવે તો તેમણે તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતો મુજબ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, કોઇ અજાણ્યા ઇસમો મો.સા. પર આવી તેમના હાથમાંથી પોતાનો મોબાઇલ ફોન ઝુટવી નાસી ગયેલ, જે અજાણ્યા ઇસમો આજદિન સુધી પકડાયેલ નથી. હાલના આરોપીને તેઓ ઓળખતા નથી. હાલના આરોપીની પુછપરછ કરવા છતા પણ અજાણ્યા ઇસમોની કોઇ માહિતી મળેલ નથી. આમ, જે ઇસમોએ ચોરી કરેલ છે તેઓ આજદિન સુધી પકડાયેલ નથી કે તેઓની ઓળખ થયેલ નથી. જેથી હાલના આરોપીને સદર મુદ્ધામાલ મોબાઇલ ફોન ચોરીનો છે તે સ્વભાવિક રીતે જ જાણ ન હોય તેવું માની શકાય. આમ, આ કામના ફરિયાદીની જુબાની પરથી એ હકીકતને સમર્થન મળેલ છે કે, ફરિયાદીનો મોબાઇલ ફોન કોઇ અજાણ્યા બે ઇસમો ખેચીને નાસી ગયેલ, પરંતુ સદર મોબાઇલ ફોન હાલના આરોપીએ ખેંચેલ હોય તેવું ફરિયાદી જણાવતા નથી. અજાણ્યા ઇસમોએ મુદ્ધામાલ મોબાઇલ ફોન હાલના આરોપીને વેચેલ હોય તેવી કોઇ હકીકતને ફરિયાદીના મૌખિક પુરાવા પરથી કે પંચ સાહેદોના મૌખિક પુરાવા પરથી સમર્થન

મળતું નથી. ત્યારે તપાસ કરનાર અમલદારના પુરાવાનું કોઇ મહત્વ રહેતું નથી. તપાસ કરનાર અમલદારનો પુરાવો એ મુખ્ય પુરાવા સાથે ગૌણ પુરાવો છે. જેથી માત્ર તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહી. વધુમાં આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચો તથા મુદ્દામાલ મોબાઇલ ફોન કબજે કર્યાના પંચનામાના પંચોને ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. તેમના મૌખિક પુરાવા પરથી ફરિયાદપક્ષને લેસમાત્ર સમર્થન મળેલ નથી. જેથી સદર મુદ્દામાલ મોબાઇલ ફોન હાલના આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે તે હકીકતને પણ સમર્થન મળતું નથી. આ કામે આરોપી તરફે આંક-૨૬ થી નો-ક્લેઇમ પુરસીસ રજૂ કરી સદર મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદાર (ફરિયાદી) ને પરત કરવામાં આવે તો તેઓને કોઇ વાંધો તકરાર નથી કે ભવિષ્યમાં પણ વાંધો તકરાર લેશે નહી તેવું જણાવેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમઃ-</u>

(૧) આ કામના આરોપી અનિલ રાજેશભાઇ દંતાણી નાઓને નરોડા પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૩૫૨૩૪૫/૨૦૨૦ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનાં આરોપી જામીન ઉપર હોય તેમનાં જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭-એ મુજબ આરોપીએ એપેલેટ કોર્ટની નોટીસ મળ્યેથી જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેશે, તેવી બાંહેધરી રૂપે રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો જાત મુચરકો અને તેટલી જ રકમનાં સધ્ધર જામીન રજૂ કરવા.

(૪) આ કામે કિંમતી મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને તેમાં ફરમાવેલી તમામ શરતો રદ ગણાવામાં આવે છે. વિકલ્પે અપીલ સમય બાદ આ કામે કબજે કરેલ કિંમતી મુદ્દામાલ મોબાઈલ ફોન છ માસની અંદર તેના મુળ માલીક (ફરિયાદી) ની ખાતરી કરી પરત કરવો, જો ફરિયાદી મુદ્દામાલ છોડાવવા ન આવે તો સદર મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચૂકાદો આજરોજ તારીખ–૦૨, માહે–મે, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૨/૦૫/૨૦૨૫
અમદાવાદ

(વિરેન્દ્ર ભીખુભાઇ રાજપુત)
અધિક સત્ર ન્યાયાધીશ,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અદાલત નં.૧૪, અમદાવાદ
યુનિક આઇ.ડી. નં. જી.જે.૦૦૬૯૨

***Mori***